ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય અશક્તતા પેન્શન યોજના અને સંત સુરદાસ યોજનામાં તીવ્ર વિકલાંગતા ધરાવતા લાભાર્થીઓને અપાતી સહાયની રકમ રૂ.૨૦૦/- થી વધારીને રૂ.૩૦૦/- કરવા બાબત.

ડો. ઉ

S. J. & E. DEPTT.
1 JAN 2014
IWDMS No. 2906

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક :- અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ-૧

સચિવાલય. ગાંધીનગર.

તા. /૧૨/૨૦૧૩. 27 DEC 2013

**વંચાણે લીધા :-**

(૧) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૩/૮/૨૦૦૯નો ઠરાવ ક્ર-અપગ/૧૦૨૦૦૯/ન.બા.૯થી૧૪/છ-૧.

(૨) ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના પત્ર ક્ર- જે/૧૧૦૧૫/૧/૨૦૧૨/NSAP, તા.૮/૧૧/૨૦૧૨.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા.૧૮/૧/૨૦૧૩નો પત્ર ક્ર- અપગ/૨૦૧૨-૧૩/૨૬, તથા તા.૪/૭/૨૦૧૩નો પત્ર ક્ર- અપગ/સંત સુદાસ સહાય/૧૩-૧૪/૨૪૮ તથા તા.૩૦/૧૧/૨૦૧૩નો પત્ર ક્ર- સસુખા/અપગ/ઈ.કા.પે./૨૦૧૩-૧૪/૪૦૨.

## ઠરાવ :-

૧/- સમાજમાં વિકલાંગ વ્યક્તિઓના પુનઃ વસવાટ અને સ્વમાનભેર સ્વતંત્ર જીવન જીવવા માટે સમાન તક, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી પ્રાપ્ત કરવા માટે વિકલાંગ વ્યક્તિ ( સમાન તક, હક્ક રક્ષણ અને સંપૂર્ણ સહયોગ ) અધિનિયમ-૧૯૯૫ અમલમાં છે. આ અધિનિયમની ભાવનાના પરિપ્રેક્ષ્યમાં વિકલાંગોના કલ્યાણ માટે તીવ્ર

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે રાજ્યમાં નાણાકીય સહાયની સંત સુરદાસ યોજના અમલમાં હતી.

૨/- દરમ્યાન ભારત સરકાર ધ્વારા તા.૧૨/૨/૨૦૦૯થી ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય અશક્તતા પેન્શન યોજના અમલમાં મૂકેલ. આ યોજના પ્રમાણે ૧૮ થી ૬૪ વર્ષની વય જુથના ૮૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા, ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદીમાં નામ ધરાવતા વિકલાંગોને ભારત સરકાર તરફથી રૂ.૨૦૦/- માસિક સહાય ચુકવવાનું ઠરાવેલ હતું. ઉક્ત સંદર્ભમાં આ અંગે એકસૂત્રતા જળવાય તે હેતુ થી રાજ્ય સરકારની સંત સુરદાસ યોજના તથા ભારત સરકારની ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય અશક્તતા પેન્શન યોજનાને સંકલિત કરીને "ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય અશક્તતા પેન્શન યોજના અને સંત સુરદાસ યોજના" તરીકે આ વિભાગના તા.૩૧/૭/૨૦૦૯ના ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ-૧ અને પરિપત્ર ક્ર- અપગ/૧૦૨૦૦૯/૨૧૬(૧)/છ-૧ થી અમલી બનાવેલ છે.

૩/- તેમાં ઉપર વંચાણે લીધેલ ક્રમ (૨) સામે દર્શાવેલ ભારત સરકારના તા.૮/૧૧/૨૦૧૨ના પત્રથી સહાયની રકમ રૂ.૨૦૦/- થી વધારીને રૂ.300/- કરવામાં આવેલ છે. તેના સંદર્ભમાં, ઉપર વંચાણે લીધેલ ક્રમ (૩) સામે દર્શાવેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીના તા.૧૮/૧/૨૦૧૩ના પત્ર ક્ર- અપગ/૨૦૧૨-૧૩/૨૬, તથા તા.૪/૭/૨૦૧૩ના પત્ર ક્ર- અપગ/સંત સુરદાસ સહાય/૧૩-૧૪/૨૪૮ તથા તા.30/૧૧/૨૦૧૩ના પત્ર ક્ર- સસુખા/અપગ/ઈ.કા.પે./૨૦૧૩-૧૪/૪૦૨ થી રજુ કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણામાં હતી. જેને પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોએ મંજુરી આપવામાં આવે છે :-

(૧) સહાયની રકમ રૂ.૨૦૦/- થી વધારીને રૂ.300/- કરવામાં આવે છે, તથા તેની અસર તા.૧/૧૦/૨૦૧૨ના રોજથી આપવામાં આવે છે.

(૨) આ માટે લાભાર્થીની વય મર્યાદા ૧૮ થી ૬૪ વર્ષ થી વધારીને ૧૮ થી ૭૯ વર્ષ કરવામાં આવે છે.

(૩) આ યોજના અંતર્ગત ફક્ત બી.પી.એલ. યાદી હેઠળના ગુજરાતમાં વસતા વિકલાંગ વ્યક્તિઓને જ લાભ મળવાપાત્ર થશે.

(૪) આ યોજનાના તા.૩૧/૭/૨૦૦૯ના ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ-૧ની શરતો મુજબ અમલ કરવાનો રહેશે.

(૫) આ હેતુ માટેની ચાલુ વર્ષની અંદાજપત્રીય જોગવાઈમાંથી ખર્ચ કરવાનો રહેશે.

(૬) આ યોજના હેઠળ ભારત સરકાર ધ્વારા જે સહાયની રકમ મળનાર છે તે માટે અચૂકરીતે સમય મર્યાદામાં યુટીલાઈઝેશન સર્ટીફીકેટ રજુ કરી પરત મેળવાય તેની તકેદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીએ રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૫/૧૨/૨૦૧૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એલ.ઝાલા )
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

(૧) નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) માન.રા.ક.મંત્રીશ્રી, સામાજીક અને શૈ.પછાત વર્ગોનું કલ્યાણ, સચિ..ગાંધીનગર.

(૫) મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૬) અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૭) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.

(૯) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.-૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.-૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૧) સર્વે કલેકટરશ્રી, તમામ જિલ્લાઓ.

(૧૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ જિલ્લાઓ.

(૧૩) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ.

(૧૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૧૫) સર્વે હિસાબ અને તિજોરી અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ.

(૧૬) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૭) સે.અધિ.શ્રી. નાણા શાખા, (સા.ન્યા. અને અધિ.વિભાગ,) બ્લોક નં.-૧૪, ચોથો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૧૮) સર્વે શાખાઓ, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૯) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર... વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૨૦) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

------- X -------